## સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 5 | ગુજરાતી | સપ્ટેમ્બર, 2020

સમયઃ 1 કલાક | કુલ ગુણ 25

(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. જોયેલ, સાંભળેલ અને કલ્પના કરેલ બાબતોનું વર્ણન કરી શકે છે.

**પ્રશ્ન 1 આપેલ ચિત્રનું પાંચ છ વાક્યમાં વર્ણન કરો.** **(05)**

**(પ્રજ્ઞાચક્ષુ માટે – નીચે આપેલ શબ્દોનો ઉપયોગ કરી તમારા શબ્દોમાં વાર્તા લખો.**

**( ચકલી, પોપટ, ઝાડ, હીંચકો, માળો, શાળા, છોકરી, છોકરો)**




અ.નિ. ભાષામાં થયેલ વિવિધ રજૂઆત સાંભળીને મુખ્ય વિચાર સમજી શકે છે.

**પ્રશ્ન 2 નીચેનો સંવાદ વાંચી આપેલ પ્રશ્નોના જવાબ લખો.** **(05)**

(ઘટુ ઘોડો તેના ભાઇબંધ ગપુ ગધેડાને મળવા કભુ કારીગરને ત્યાં ગયો.)

ઘટુ : અરે! ગપુ, આ માટલાના ઢગલા વચ્ચે શું બેઠો છે? ચાલ, સામેના મેદાનમાં જઇએ.

ગપુ : ના, તું જા. મને તો ક્યાંય જવાનો મૂડ નથી.

ઘટુ : અરે ! આ વરસાદ પછીના મેદાનને જોઇને તો તારો મૂડ આવી જશે, ચાલ.

ગપુ : પણ ત્યાં પેલો મોતી કૂતરો છે ને..... !

ઘટુ : હું છું ને ! તું ચિંતા ન કર.

**પ્રશ્નોઃ**

1. ઘટુ ગપુને 'મેદાન જોઇને મૂડ આવી જશે' એવું શા માટે કહે છે?
2. ગપુનો શેઠ શું કામ કરતો હશે ?
3. 'મૂડ ન હોવો' એટલે શું ?
4. ગપુ સ્વભાવે કેવો હશે ?
5. ઘટુ ગપુનો પાક્કો ભાઇબંધ છે એવું શા પરથી કહી શકાય ?

અ.નિ. લિંગ વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદો, વિશેષણનો સમજીને ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 3 કૌંસમાં આપેલ વિરામચિહ્નો નીચેના વાક્યમાં યોગ્ય જગ્યાએ મૂકો.**

**( , ? . “” ! )** (05)

1. આરવ તોફાન કરે છે
2. તમારી બહેન કયા ધોરણમાં ભણે છે
3. ઊભા રહો હું આવું છું.
4. અરે વાહ તમે તો ખૂબ સરસ વાર્તા કહો છો.
5. હીંચકો બોલ્યો, હું સૌથી મોટો છું.

અ.નિ. પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપી શકે છે.

**પ્રશ્ન 4 નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.**

**1.** તમને પારસમણિ મળે તો શું-શું કરશો ? **(02)**

2. તમને તમારી આસપાસ શું-શું સુંદર લાગે છે? શા માટે? **(03)**

અ.નિ. શબ્દ સમજ, શબ્દ – શબ્દ વચ્ચેનો સંબંધ, સ્વર અને વ્યંજન, સંધિ, સમાસ, સંયોજક, અલંકાર, રૂઢિ પ્રયોગ, અને કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન 5 નીચે આપેલ શબ્દોના અર્થ જણાવી તેમની વચ્ચેનો અર્થભેદ સ્પષ્ટ કરો.** **(05)**

**ઉદા. સત – શત અર્થઃ સત- સત્ય શત- સો**

1. ચિતા – ચિંતા
2. નર – નળ
3. શર – સર
4. સાપ – શાપ
5. ગોર – ગોળ